જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૨/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી ૩૪૪ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫૦,૧૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૭/૧૬**

**એલીસબ્રીજઃ** વિશાલ દિનેશભાઇ ધોકાઇ (ઉ.વ.૨૪) (રહે.જય અંબે સોસાયટી બાપા સિતારામ મઢુલી પાસે આરભડા મીઠાપુર તા-ઓખા મંડળ જિલ્લો-દેવભુમી દ્વારકા) એ તા.૪/૧૨/૧૬ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૯/૨૦૧૫ થી આજદીન સધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ધવલભાઇ હાડા (૨) રાકેશભાઇ મહેતા અને (૩) ચિરાગભાઇ ભટ્ટ (સરનામાની ખબર નથી) એ ભેગા મળી કેનેડા તથા હોંગકોંગના વિઝા આપવાનુ કહી વિશાલ ધોકાઈ પાસેથી અલગ અલગ બેંકના ચેક તેમજ NEFT દ્વારા રૂપિયા ૨,૧૭,૭૦૦/- ખાતામાંથી ઉપાડી લઇ આજદીન સુધી વિઝા નહી કરાવતા પૈસાની માંગણી કરતા રૂપિયા ૫૦,૦૦૦/- પરત આપી બાકીના રૂપિયા પરત નહિ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.ખોખર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૮/૧૬**

**સરદારનગરઃ** રાજકુમાર આનંદરામ આહુજા (રહે.એ વોર્ડ રમેશ બિસ્કીટની ગલી કુબેરનગર) સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૧૨/૧૬ સાંજના ૭/૧૫ થી તા.૪/૧૨/૧૬ કલાક ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૦૨,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ બી ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૯/૧૬**

**અમરાઇવાડીઃ** કમળાબહેન વા/ઓ મુળજીભાઈ સોલંકી (ઉ.વ.૫૦) (રહે. અડાલજ પોલીસ લાઈન તા-અડાલજ જી-ગાંધીનગર) તા.૨/૧૨/૧૬ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે કૈલાશધામ સોસાયટી સામેથી શટલ ઓટો રીક્ષામાં બેસી હાટકેશ્વર ઉતર્યા હતા દરમ્યાન અજાણી વ્યક્તિએ કમળાબહેનના થેલામાંથી નજર ચુકવી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪૪,૬૧૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ કમળાબહેન સોલંકીએ તા.૪/૧૨/૧૬ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

**સેટેલાઈટઃ** વિકાસભાઇ દશરથભાઇ સુથાર (ઉ.વ.૨૭) (રહે.સોતીનગર વાવોલ ગાંધીનગર) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૧૨/૧૬ બપોરના ૩/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન ઈસ્કોન મેગા મોલની બાજુમાં જી.એસ.ટી.વી. નજીક પાર્કિંગમાં પાર્ક કરેલ પોતાની ગાડીના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ ગાડીમાંથી લેડીઝ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. પર્સમાં સોનાની ચેઈન, કેમેરો અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૨,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી એન વાઘેલા ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૦/૧૬**

**ગુજરાત યુનિવર્સિટીઃ** અક્ષયકુમાર અનિલકુમાર પાંડે (ઉ.વ.૨૧) (રહે. કરીશ્મા એપાર્ટમેન્ટ બી'કેબીન રોડ અંબરનાથ ઇસ્ટ જી.થાના મહારાષ્ટ્ર) તા.૪/૧૨/૧૬ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે કાલુપુર રેલવે સ્ટેશન જવા માટે શટલ ઓટોરિક્ષામાં બેસી જતા હતા ત્યારે ઓટોરિક્ષા ચાલક અને ઓટોરિક્ષામાં બેસેલ બીજા બે પુરૂષોએ ભેગા મળી ગુજરાત યુનિવર્સિટી પાછળ બોયસ હોસ્ટેલ પાસે એકાંતમાં રિક્ષા લઈ જઈ અક્ષયકુમારને ચપ્પુ બતાવી રોકડ રૂપિયા ૧૦૦૦/-, કપડા અને જરૂરી કાગળોની લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અક્ષયકુમાર પાંડેએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.ડાંગર ચલાવે છે.

**મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૧/૧૬**

**સરદારનગરઃ** રંજનબન વા\ઓ જાદવભાઈ પ્રજાપતિ (ઉ.વ.૫૦) (રહે.કોલવડાનગર સોસાયટી સેક્ટર-૨૮ ગાંધીનગર) તા.૪/૧૨/૧૬ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ભદ્રેશ્વર રોડ રવિ પેટ્રોલપંપની સામેથી મોટર સાયકલ પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એકટીવા ઉપર આવેલ (૨૫ થી ૩૫ વર્ષના આશરાનો) પુરૂષ રંજનબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૫૬,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રંજનબહેન પ્રજાપતિએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ઝેડ એમ સિંધી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૫૨/૧૬</u>**

**વસ્ત્રાપુરઃ** ઉમેશકુમાર વ્રજલાલ સોની (રહે.સીમધર પાર્ક, પાવાપુરી બસ સ્ટેન્ડની સામે ઘાટલોડીયા) એ તા.૩/૧૨/૧૬ રાતના ૯/૦૦ વાગે બોડકદેવ મ્યુનીશીપલ ઔડા પાર્ટી પ્લોટના મુખ્ય દરવાજા સામે પોતાની હુન્ડાઈ કંપનીની સેન્ટ્રો કાર નંબર જીજે ૧ એચજે ૫૨૦૨ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ઉમેશકુમાર સોનીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૫૩/૧૬</u>**

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** ઉમંગ બાબુભાઈ બરસૈયા (ઉ.વ.૨૨) (રહે.પુરાણી હાઉસીંગ સોસાયટી ગીતામંદિર) ને તેના પિતાએ વ્યસન નહી કરવા બાબતે કહેતા મનમાં લાગી આવતા તા.૪/૧૨/૧૬ કલાક ૧૧/૫૫ વાગ્યા પહેલા એન.આઈ.ડી.પાછળ સાબરમતી નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પુંજાભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)